# Day to Day Current Affairs

**21. ઓક્ટોબર 2015**

## ૧ વિરેન્દ્ર સેહવાગ :

- ભારતીય ક્રિકેટમાં વિસ્ફોટક ઓપનર તરીકેની ઓળખ ધરાવતાં વિરેન્દ્ર સેહવાગે આંતરરાષ્ટ્રીય ક્રિકેટની તમામ ફોર્મેટમાં નિવૃતિ જાહેર કરી.
- આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સાથે IPL માંથી પણ નિવૃતિ જાહેર કરી તથા રણજી ટ્રોફી પુરી થાય ત્યાં સુધી હરિયાણા તરફથી રમવાનું ચાલુ રાખશે.
- 'નજગઢના નવાબ' અને 'મુલતાન કા સુલતાન' જેવા બિરૂદ મેળવનારા વિરેન્દ્ર સેહવાગે તેની 14 વર્ષની આંતરરાષ્ટ્રીય કારકીર્દિ પર પૂર્ણ વિરામ મુકી દીધુ છે.
- પ્રથમ વન ડે – એપ્રિલ 1999 પાકિસ્તાન સામે
- પ્રથમ ટેસ્ટ – નવેમ્બર 2001 સાઉથ આફ્રિકા સામે
- પ્રથમ T- 20 – ડિસેમ્બર 2006
- સેહવાગે 2007માં T-20 2011માં વન ડે વર્લ્ડકપ જીતનાર ભારતીય ટીમના સભ્ય રહી ચૂક્યા છે.
- અંતિમ વન ડે – જાન્યુઆરી 2013 પાકિસ્તાન સામે
- અંતિમ ટેસ્ટ - માર્ચ 2013 ઓસ્ટ્રેલિયા સામે

અંતિમ T – 20 - ઓક્ટોમ્બર 2012 સાઉથ આફ્રિકા સામે

- વન ડે માં ભારત તરફથી બીજા ક્રમનો હાઇએસ્ટ સ્કોર (219) તેના નામે છે. જે તેણે વેસ્ટ ઇન્ડિઝની સામે ફટકાર્યા હતાં.
- તેણે 104 ટેસ્ટમાં 49.34 ની સરેરાશથી 8586 રન નોંધાવ્યા તેમજ 251 વન ડે માં 35.05 ની સરેરાશથી 8273 રન નોંધાવ્યા અને 19 T -20 માં 21.88 ની સરેરાશથી 394 રન નોંધાવ્યા છે.
- સૌથી ઝડપી ત્રેવડી સદીનો વિશ્વવિક્રમ સેહવાગના નામે છે. તેણે 278 બોલમાં સાઉથ આફ્રિકા સામે રમાયેલી ટેસ્ટમાં આ સિધ્ધિ નોંધાવી હતી.
- તે વન ડે માં બેવડી અને ટેસ્ટમાં બે વખત ત્રેવડી સદી નોંધાવી ચૂક્યો છે.

## ૨. જસ્ટિન ટ્રુડો :

- કેનેડાના નવા વડાપ્રધાન
- તાજેતરમાં કેનેડાની સંસદીય ચૂંટણીમાં લિબરલ પક્ષના જસ્ટિન ટ્રુડો વિજેતા થતા વડાપ્રધાન પદ સંભાળશે.
- લિબરલ પક્ષને સંસદની 338 માંથી 184 બેઠકો મળી.
- જ્યારે દસ વર્ષની સત્તા પર રહેલા સ્ટિફન હાપેરના પક્ષ કાન્ઝર્વેટિવ પાર્ટીને માત્ર 99 બેઠકો મળી.
- વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોના પિતા પિયરે ટ્રુડો 16 વર્ષ સુધી કેનેડાના વડાપ્રધાન પદ પર રહ્યા હતાં.

## ૩. નરસિંહ મહેતા એવોર્ડ :

- ઢસાના સુપ્રસિધ્ધ કવિ મનોહર ત્રિવેદીને 27 ઓક્ટોબરના રોજ લોકભારતી સણોસરા ખાતે મોરારીબાપુના હસ્તે 21 મો નરસિંહ મહેતા એવોર્ડ એનાયત થશે.
- નરસિંહ મહેતા સાહિત્યનિધિ દ્વારા વિધમાન ગુજરાતી કવિને તેના સમગ્ર સર્જનને લક્ષને પ્રતિવર્ષ આ એવોર્ડ અપાય છે.
- એવોર્ડમાં ઇનામ સ્વરૂપે રૂ એકલાખ એકાવન હજાર રાશિ તથા નરસિંહ મહેતાની ધાતુની પ્રતિમા સ્મૃતિચિહ્ન આપવામાં આવે છે.

Vivekanand Academy, Gandhinagar